# અમેરિકી ચૂંટણીમાં એક ભારતીય સામે અમેરિકી નાગરિક હોવાનો બોગસ દાવો કરવાનો આરોપ

**યુએસ** પ્રમુખપદની ચૂંટણીમાં મતદાન કરવા અમેરિકી નાગરિક હોવાના ખોટા શપથ લેવા બદલ ગુનો દાખલ


ન્યૂયોર્ક, તા. 11 (પીટીઆઈ): વર્ષ 2024ની અમેરિકી પ્રમુખ પદની સામાન્ય ચૂંટણીમાં બિનકાયદેસર રીતે મતદાન કરવા માટે પોતે અમેરિકી નાગરિક હોવાનો ખોટો દાવો કરવા બદલ એક ભારતીય નાગરિક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

5 નવેમ્બર, 2024ના રોજ યોજાયેલી ચૂંટણીમાં મુકેશકુમાર સોમાભાઈ ચૌધરી નામના આ ભારતીય નાગરિકે પોતાની નાગરિકતા અંગે ખોટી માહિતી આપી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, મિનેસોટા ડિસ્ટ્રિક્ટની ફેડરલ ગ્રાન્ડ જ્યુરી દ્વારા આ મામલે બે ચાર્જમાં આરોપનામું રજૂ કરવામાં આવ્યું છે. ચાર્જશીટ મુજબ, 5 નવેમ્બર, 2024ના રોજ અથવા તેની આસપાસ, ચૌધરીએ મિનેસોટાના કાયદા મુજબ મતદાન કરવા માટે જરૂરી વોટર સિગ્નેચર સર્ટિફિકેટ પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રમાણપત્રમાં તેમણે પોતે અમેરિકાના નાગરિક હોવાના શપથ લીધા હતા. જોકે, તપાસમાં સામે આવ્યું છે કે ચૌધરી અમેરિકી નાગરિક ન હતા અને તેમણે માત્ર મતદાન કરવાના ઈરાદાથી જ જાણીજોઈને આ ખોટું નિવેદન આપ્યું હતું.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટના સિવિલ રાઈટ્સ ડિવિઝનના આસિસ્ટન્ટ એટોર્ની જનરલ હરમીત કે. ધિલ્લોને જણાવ્યું હતું કે, 'મતદાનનો અધિકાર એ અમેરિકી નાગરિકતાનો એક પવિત્ર વિશિષ્ટ અધિકાર છે અને દરેક કાયદેસરના મતદારને એવું ચૂંટણી તંત્ર મળવું જોઈએ જેમાં આ અધિકારનું રક્ષણ થાય. જે લોકો જાણીજોઈને નાગરિકતાનો ખોટો દાવો કરીને મતદાન કરવાનો પ્રયાસ કરશે, તેમને વિભાગ જવાબદાર ઠેરવશે. આપણી ચૂંટણીઓની નિષ્પક્ષતા અને સચોટતા એ સુનિશ્ચિત કરવા પર નિર્ભર કરે છે કે માત્ર પાત્ર નાગરિકો જ મતદાન કરે.'

હાલમાં મુકેશકુમાર ચૌધરી સામે ખોટી માહિતી આપવા અને મતદાન માટે રજિસ્ટ્રેશન કરાવવા નાગરિકતાનો બોગસ દાવો કરવાનો 1-1 ગુનો નોંધાયો છે. આ દરેક ગુનામાં તેમને વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.



# ૨,૯૭૭ ડ્રોન વડે 'ટ્વિન ટાવર્સ'ની લાઈટ પ્રતિકૃતિ

**૯/૧૧ના** હુમલામાં જીવ ગુમાવનાર પ્રત્યેક પીડિતની યાદમાં બરાબર ૨,૯૭૭ ડ્રોનનો ઉપયોગ કરીને ન્યૂયોર્ક હાર્બર અને હડસન નદીના આકાશમાં 'ટ્વિન ટાવર્સ'ની અદભુત આઉટલાઇન/પ્રતિકૃતિ રચવામાં આવી

ન્યૂયોર્ક, તા. ૧૧: ન્યૂયોર્કે ૨,૯૭૭ ઝગમગતા ડ્રોન વડે ટ્વિન ટાવર્સની પ્રતિકૃતિ રચીને ૯/૧૧ના હુમલામાં માર્યા ગયેલાઓને શ્રદ્ધાંજલિ આપી છે.

બુધવારે રાત્રે ન્યૂયોર્ક હાર્બર ઉપર યોજાયેલા આ શોમાં ડ્રોન દ્વારા ટાવર્સની આઉટલાઈન બનાવવામાં આવી હતી, જેમાં હુમલામાં જીવ ગુમાવનાર પ્રત્યેક વ્યક્તિ માટે એક ડ્રોનનો ઉપયોગ કરાયો હતો. '૨,૯૭૭ લાઈટ્સ ઓવર ન્યૂયોર્ક હાર્બર' શીર્ષક ધરાવતો આ શો સપ્ટેમ્બર ૧૧ના હુમલાની ૨૫મી વરસી નિમિત્તે યોજાયો હતો, જ્યારે અલ-કાયદાના આતંકવાદીઓએ ચાર મુસાફર વિમાનો હાઈજેક કર્યા હતા અને તેમાંથી બે વિમાનો ટ્વિન ટાવર્સ સાથે અથડાવ્યા હતા.

આ શોના અદભુત ફૂટેજમાં રેકોર્ડેડ મ્યુઝિક સાથે ટાવર્સની આઉટલાઈન ઉભરી આવે તે પહેલાં હડસન નદી પરનું આકાશ પ્રકાશના એક ગતિશીલ તારા મંડળથી ઝગમગી ઉઠેલું જોવા મળ્યું હતું. આ સ્મૃતિ પ્રદર્શન ૯/૧૧ના બચી ગયેલા લોકો, પીડિતોના પરિવારજનો અને ફર્સ્ટ રિસ્પોન્ડર્સના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું હતું. આ ડ્રોન પ્રદર્શન ન્યૂયોર્કના લાંબા સમયથી ચાલતા 'ટ્રિબ્યુટ ઈન લાઈટ'ની સાથે યોજાયું હતું, જેમાં ધરાશાયી થયેલા ટાવર્સનો આકાર ફરીથી આપવા માટે બે કોલમમાં ગોઠવાયેલી ૮૮ શક્તિશાળી સર્ચલાઈટ્સનો ઉપયોગ કરવામાં આવે છે.



# હુથી વિદ્રોહીઓ સામે સાઉદી અરેબિયા એકલું પડ્યું

**પાકિસ્તાને** આપ્યો ધોખો તો ટ્રમ્પે પણ ફગાવી મદદની આજીજી

**'મક્કા** સંરક્ષણ કરાર' છતાં પાકિસ્તાને તેને માત્ર રક્ષણાત્મક જોડાણ ગણાવી પલટી મારી

**કરારના** ત્રીજા સભાસદ તુર્કી પાસે મદદ માગવાથી રાતા સમુદ્ર વિસ્તારમાં તુર્કીનો પ્રભાવ વધી જવાનો ભય

નવી દિલ્હી, તા. 11: ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ દ્વારા લશ્કરી અને તેલ સુવિધાઓ પર સતત હુમલા કરવામાં આવી રહ્યા છે, ત્યારે સાઉદી અરેબિયાને તેના સંરક્ષણ ભાગીદારો અંગે કડવો અનુભવ થયો છે. બહુચર્ચિત 'મક્કા સંરક્ષણ કરાર' છતાં પાકિસ્તાને હુથીઓ સામે લશ્કરી કાર્યવાહીથી હાથ પાછા ખેંચી લીધા છે, જ્યારે બીજી તરફ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સાઉદી અરેબિયાને સીધી લશ્કરી મદદ કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. આ ઘટનાક્રમે પાકિસ્તાન અને યુએસની બિનવિશ્વસનીય નીતિને ફરી એકવાર ખુલ્લી પાડી દીધી છે.

તાજેતરમાં હુથી વિદ્રોહીઓએ રાતા સમુદ્રના મહત્વપૂર્ણ 'મોખા' બંદર પર કબજો જમાવી લીધો હતો, જેનાથી બાબ અલ-મંદબ ખાડી માટે જોખમ ઊભું થયું છે. પરિસ્થિતિ વણસતાં સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનએ ગુરુવારે પ્રમુખ ટ્રમ્પને બે વાર ફોન કરીને હુથીઓ પર એરસ્ટ્રાઈક કરવાનો અનુરોધ કર્યો હતો. જોકે, ટ્રમ્પે સીધી સૈન્ય દખલગીરી કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી અને અમેરિકી દળોને માત્ર ઈરાન તથા હોર્મુઝની સામુદ્રધુનીની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવા સૂચના આપી હતી. યુએસ તરફથી માત્ર ઈન્ટેલિજન્સ ઇનપુટ્સ આપવાની ખાતરી આપવામાં આવી છે.

બીજી તરફ, પાકિસ્તાનનો દંભ પણ ખુલ્લો પડ્યો છે. શરૂઆતમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે દાવો કર્યો હતો કે જો સંઘર્ષ સાઉદી સુધી પહોંચશે તો મક્કા કરાર હેઠળ પાકિસ્તાન લશ્કરી કાર્યવાહી કરશે. પરંતુ 24 કલાકની અંદર જ પાકિસ્તાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા સજ્જાદ હૈદર ખાને સ્પષ્ટતા કરી કે આ માત્ર એક 'રક્ષણાત્મક જોડાણ' છે અને હુથીઓ સામે કોઈ લશ્કરી હુમલાની વિચારણા નથી.

પાકિસ્તાન અને અમેરિકાના આ વલણને કારણે સાઉદી અરેબિયા માટે ધર્મસંકટ જેવી સ્થિતિ સર્જાઈ છે, કારણ કે મક્કા કરારના ત્રીજા સભાસદ તુર્કી પાસે લશ્કરી મદદ માગવાથી રાતા સમુદ્ર વિસ્તારમાં તુર્કીનો પ્રભાવ વધી જવાનો ભય છે.

# મોદીએ પુતિનને ભેટમાં આપ્યો તમિલ ગ્રંથ 'તિરુક્કુરલ' જેનું છે રશિયન કનેક્શન

**આ** ગ્રંથનો ભારત અને રશિયા વચ્ચેનો જૂનો સાહિત્યિક સંબંધ

**આ** ગ્રંથથી મહાન લેખક લિયો ટોલસ્ટોય પણ પ્રભાવિત થયા હતા




નવી દિલ્હી, તા. 11: નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ શિખર સંમેલનથી અલગ થયેલી મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને પ્રાચીન તમિલ સાહિત્યિક શ્રેષ્ઠ કૃતિ 'તિરુક્કુરલ'નો રશિયન અનુવાદ ભેટમાં આપ્યો હતો. આ વિશિષ્ટ ભેટ પાછળ ભારત અને રશિયા વચ્ચેનો સદીઓ જૂનો સાંસ્કૃતિક અને સાહિત્યિક સંબંધ છુપાયેલો છે.

'સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાસિકલ તમિલ' દ્વારા વર્ષ 2026માં પ્રકાશિત આ આવૃત્તિમાં મૂળ તમિલ શ્લોકો, તેનું લિપ્યંતરણ અને નાઇરા મ્કતચ્યાન દ્વારા કરવામાં આવેલો રશિયન અનુવાદ સામેલ છે.

તમિલ કવિ-તત્ત્વજ્ઞાની તિરુવલ્લુવર દ્વારા રચિત 1,330 કડીઓ ધરાવતો આ ગ્રંથ ધર્મ, અર્થ અને કામ જેવા જીવનના મૂલ્યો પર પ્રકાશ પાડે છે.

### તિરુક્કુરલનું રસપ્રદ 'રશિયન કનેક્શન

રશિયામાં ભારતીય તત્વજ્ઞાન પ્રત્યેનો રસ 17મી સદીથી રહ્યો છે. 19મી સદીમાં રશિયાના મહાન લેખક લિયો ટોલસ્ટોય આ ગ્રંથના યુરોપીય અનુવાદથી પ્રભાવિત થયા હતા. તિરુક્કુરલમાં દર્શાવવામાં આવેલા સદાચાર, કરુણા અને અહિંસાના વિચારોની ટોલસ્ટોયના દાર્શનિક લખાણો પર ઊંડી છાપ પડી હતી. 20મી સદીની શરૂઆતમાં ટોલસ્ટોય અને મહાત્મા ગાંધી વચ્ચે થયેલા પત્રવ્યવહાર દરમિયાન ટોલસ્ટોયે ગાંધીજીને આ ગ્રંથ વાંચવાની ભલામણ કરી હોવાનું માનવામાં આવે છે, જેણે ગાંધીજીના અહિંસાના વિચારોને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# 'દાગી' ઉમેદવારોને ટિકિટ કેમ? રાજકીય પક્ષો મૌન

**ચૂંટણી** નિરીક્ષણ સંસ્થા ADR દ્વારા કરાયેલા વિશ્લેષણમાં જણાયું કે 1,405 ઉમેદવારોએ પોતાની સામેના ફોજદારી કેસો જાહેર કર્યા હતા, આમાંથી

**191** ઉમેદવારો માટે તેમના પક્ષોએ કોઇ ખુલાસો જ રજૂ કર્યો નહીં

**'જીતવાની** ક્ષમતા' સાબિત કરવા દાગીઓને ટિકિટ આપવાના કારણો દર્શાવવામાં પક્ષો પાછળ પડ્યા

### ખુલાસા કરાયા તેમાં પણ વિવિધ ઉમેદવારો માટે એક સરખા જ કારણો અપાયા!

વિશ્લેષણમાં એ વાત પણ સામે આવી છે કે, ગુનાહિત પૃષ્ઠભૂમિ હોવા છતાં પસંદગી કેમ કરાઇ? તે માટેના ખુલાસા જાહેર કરવામાં આવ્યા હતા તેવા ઘણા કેસોમાં, રાજકીય પક્ષોએ અવારનવાર એક સરખા કારણો અને શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ખુલાસાઓમાં સામાન્ય રીતે ઉમેદવારની જાહેર છબી, સામાજિક કાર્ય, અનુભવ, લોકપ્રિયતા, લાયકાત અને બેઠક માટેની યોગ્યતા જેવા પરિબળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જો કે, ઘણા કેસોમાં, બહુવિધ ઉમેદવારો માટે એક સરખા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તમિલનાડુમાં, ADR ને એવા કિસ્સા મળ્યા જ્યાં ભાજપ, એઆઈડીએમકે, ડીએમકે અને તમિલાગા વેટ્રી કઝગમ સહિતના પક્ષોએ ગુનાહિત કેસ ધરાવતા ઉમેદવારો માટેના ખુલાસામાં શબ્દે-શબ્દ એક સરખા કારણો આપ્યા હતા. રિપોર્ટમાં એવા કિસ્સાઓ પણ સામે આવ્યા છે જ્યાં ગુનાહિત પૃષ્ઠભૂમિ વગરના ઉમેદવારોની પસંદગી કેમ ન કરવામાં આવી તેની સ્પષ્ટતા કરવા માટે પણ એક સરખી ભાષાનો ઉપયોગ થયો હતો. આસામમાં, AIUDFએ ગુનાહિત પૃષ્ઠભૂમિ વગરના અન્ય ઉમેદવારોની પસંદગી કેમ ન થઈ શકી તે સમજાવવામાં પોતાના તમામ ઉમેદવારો માટે એક જ કારણનો ઉપયોગ કર્યો હતો, જ્યારે ભાજપે તે વિભાગમાં તેના મોટા ભાગના ઉમેદવારો માટે સમાન શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

નવી દિલ્હી, તા. 11(PTI): આ વર્ષની શરૂઆતમાં પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં અપરાધી કેસો ધરાવતા ઉમેદવારોની પસંદગી કેમ કરવામાં આવી તે અંગેની માહિતી વિગતો જાહેર કરવામાં રાજકીય પક્ષો નિષ્ફળ રહ્યા છે. ADR દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલા 1,405 ઉમેદવારોમાંથી 191 ઉમેદવારો માટે જરૂરી ખુલાસા ઉપલબ્ધ નહોતા.

આ વર્ષે આસામ, કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ વિધાનસભા તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીની ચૂંટણી યોજાઇ, તેમાં કુલ 8,848 ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. ચૂંટણી નિરીક્ષક સંસ્થા ADR એ આ પક્ષો દ્વારા પસંદ કરાયેલા 3,539 ઉમેદવારોનું વિશ્લેષણ કર્યું અને જાણવા મળ્યું કે તેમાંથી 1,405 ઉમેદવારોએ પોતાના ચૂંટણી એફિડેવિટમાં ક્રિમિનલ કેસો જાહેર કર્યા હતા. આમાંથી, પક્ષોએ 1,214 ઉમેદવારો માટે જરૂરી 'ફોર્મેટ C-7' ખુલાસા જાહેર કર્યા હતા, જ્યારે 191 ઉમેદવારો માટે આવો કોઈ ખુલાસો ઉપલબ્ધ નહોતો. 51 રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલા ખુલાસાના ADRના વિશ્લેષણ અનુસાર તમિલનાડુમાં એવા ઉમેદવારોની સંખ્યા સૌથી વધુ (72) હતી જેમના ખુલાસા ઉપલબ્ધ નહોતા. ત્યારબાદ પશ્ચિમ બંગાળમાં 55, કેરળમાં 27, પુડુચેરીમાં 12 અને આસામમાં 10 ઉમેદવારો માટે માહિતી ઉપલબ્ધ નહોતી. રિપોર્ટમાં જણાવાયું છે કે, C-7 ખુલાસાનો હેતુ મતદારોને માત્ર એટલું જ જણાવવાનો નથી કે ઉમેદવાર સામે ફોજદારી કેસ નોંધાયેલ છે, પરંતુ પક્ષે તે વ્યક્તિને કેમ પસંદ કરી અને ગુનાહિત પૃષ્ઠભૂમિ વગરના અન્ય કોઈ વ્યક્તિની પસંદગી કેમ ન કરી શકી તે જણાવવાનો પણ છે.

સુપ્રીમ કોર્ટે 2020માં રાજકીય પક્ષોને ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોની પસંદગી કર્યાના 72 કલાકની અંદર તેના કારણો જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ કારણો ઉમેદવારની લાયકાત, સિદ્ધિઓ અને ગુણવત્તા પર આધારિત હોવા જરૂરી છે, માત્ર તેમની "જીતવાની ક્ષમતા" પર નહીં.

ત્યારબાદ ચૂંટણી પંચે રાજકીય પક્ષોને આ માહિતી તેમની વેબસાઈટ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને અખબારોમાં પ્રકાશિત કરવા નિર્દેશ આપ્યો હતો.

# પૂર્વ સ્વિટ્ઝર્લેન્ડમાં પ્રવાસી બસ દુર્ઘટનાગ્રસ્ત

**આલ્પાઇન** વિસ્તારમાં બેરિયર સાથે અથડાયા બાદ હોનારત સર્જાઈ; 5 લોકોનાં મોત, 40 ઈજાગ્રસ્ત

3 મુસાફરોની હાલત ગંભીર

જિનેવા, તા. 11 (એપી): પૂર્વ સ્વિટ્ઝર્લેન્ડમાં એક ડચ ટૂર બસ રોડસાઇડ બેરિયર સાથે અથડાઈને પલટી જતાં 5 લોકોના કરૂણ મોત નીપજ્યા છે અને ૪૦ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું પોલીસે જણાવ્યું છે.

45 મુસાફરોને લઈને જઈ રહેલી આ બસ ગુરુવારે બપોરે ગ્રાઉબુએન્ડેનના આલ્પાઈન કેન્ટનમાં આવેલા સુશ અને ઝર્નેઝ ગામો વચ્ચે પલટી મારી ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ઈજાગ્રસ્તો પૈકી 3 લોકોની સ્થિતિ હજુ પણ ગંભીર છે.

અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા પ્રોસિક્યુટર્સ અને પોલીસ તપાસ કરી રહ્યા છે, જોકે પ્રાથમિક તપાસમાં અન્ય કોઈ વાહન સામેલ હોવાનું જણાતું નથી. આ પ્રવાસનું આયોજન કરનાર ટ્રાવેલ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓ આ દુઃખદ બસ અકસ્માતથી અત્યંત સ્તબ્ધ અને આઘાતમાં છે અને તેમની સંવેદના પીડિતો તથા તેમના પરિવારો સાથે છે.

## પેજ 3

### રણવીર સિંહ ફેસ માસ્ક અને સનગ્લાસમાં ચહેરો છુપાવીને એરપોર્ટ પહોંચ્યો



મુંબઈ, તા. 11: શુક્રવારે સવારે મુંબઈ એરપોર્ટ પર બોલિવૂડ સુપરસ્ટાર રણવીર સિંહ એકદમ 'સીક્રેટ મિશન' લુકમાં કેમેરામાં કેપ્ચર થયો હતો. ઢીલી ટી-શર્ટ, બેગી પેન્ટ, બીની કેપ, સ્ટેટમેન્ટ સનગ્લાસ અને ડાર્ક ફેસ માસ્કમાં રણવીરે પોતાનો ચહેરો પૂરો છુપાવી રાખ્યો હતો. કારમાંથી ઉતરતા જ પાપારાઝીઓએ કેમેરાના ફ્લેશ ઝબકાવવાનું શરૂ કરી દીધું હતું. જોકે, પોતાના કૂલ અંદાજ માટે જાણીતા રણવીરે ગેટ પર તૈનાત સિક્યોરિટી ગાર્ડ્સ અને પોલીસકર્મીઓ સાથે પ્રેમથી હાથ મિલાવીને બધાના દિલ જીતી લીધા હતા. પાપારાઝીઓએ જ્યારે તેની આવનારી ફિલ્મ 'પ્રલય'ના નારા લગાવ્યા, ત્યારે રણવીરે પણ જોશમાં રિએક્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ફિલ્મ 'પ્રલય'ના સેટ પરથી રણવીરનો પહેલો લુક લીક થયો હતો, જેમાં તે લાંબા વાળ અને પીઠ પર બાળક બાંધેલા અનોખા અવતારમાં જોવા મળ્યો હતો.

### શરત સક્સેનાની સર્જરી 6 કલાક ચાલી, કહે કાલથી જીમ શરૂ



મુંબઈ, તા. 11: બોલિવૂડના દિગ્ગજ અને ફિટનેસ ફ્રીક એક્ટર શરત સક્સેનાની બોમ્બે હોસ્પિટલમાં ૬ કલાક લાંબી સ્પાઈન સર્જરી (કરોડરજ્જુનું ઓપરેશન) સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. ૭૬ વર્ષની ઉંમરે પણ અદ્ભુત ફિટનેસ ધરાવતા આ સીનિયર એક્ટરે હોસ્પિટલના બેડ પરથી પોતાની તસવીરો શેર કરીને ચાહકોને રાહત આપનારા સમાચાર આપ્યા હતા. પોસ્ટ શેર કરતા તેમણે લખ્યું કે,'"૬ કલાકની સર્જરી થઈ ગઈ, એક સારા માણસને તમે રોકી શકતા નથી.' મસ્તમૌલા અંદાજમાં તેમણે ઉમેર્યું કે હવે ચાલવા માટે લાકડીની જરૂર નથી અને કાલે હોસ્પિટલથી રજા મળતા જ તેઓ જિમ જવાનું શરૂ કરી દેશે. ફેન્સે પણ તેમના આ જુસ્સાને બિરદાવ્યો છે.

### POCSO કેસમાં 'પાંડ્યા સ્ટોર' ફેમ એક્ટર રોહિત ચંદેલને જામીન મળ્યા



મુંબઈ, તા. 11: 'પાંડ્યા સ્ટોર' અને 'સૈરાબ' જેવા પોપ્યુલર ટીવી શોથી જાણીતો બનેલો એક્ટર રોહિત ચંદેલ આખરે ૨ મહિના બાદ જેલમાંથી મુક્ત થયો છે. ૧૬ વર્ષની સગીરાનો પીછો કરવા, હેરાનગતિ કરવા અને મારામારીના ગંભીર આરોપો હેઠળ મુંબઈ પોલીસે જુલાઈ મહિનામાં તેની ગિરફ્તાર કરી હતી. રોહિત સામે POCSO એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. તપાસ દરમિયાન પોલીસ ચાર્જશીટ અને કેસના કાગળોમાં ભારે બેદરકારી સામે આવી હતી, જેમાં રોહિતનો ધર્મ અને વ્યવસાય (એક્ટરના બદલે બિઝનેસમેન) ખોટો દર્શાવાયો હતો. એટલું જ નહીં, મેડિકલ રિપોર્ટમાં પણ અવિવાહિત રોહિતને પરણેલો બતાવવામાં આવ્યો હતો. કાનૂની ગૂંચવણો બાદ આખરે કોર્ટે તેના જામીન મંજૂર કર્યા છે.



# પુતિન અને જિનપિંગની સુપર કાર વિશે જાણો

**BRICS** સમિટમાં 'કાર ડિપ્લોમસી': પુતિનના ચાલતા કિલ્લા 'Aurus'થી લઈને ઝી જિનપિંગની બખ્તરબંધ 'Hongqi' સુધી

નવી દિલ્હી ખાતે આયોજિત BRICS શિખર સંમેલન દરમિયાન માત્ર વૈશ્વિક રાજનીતિ અને આર્થિક મુદ્દાઓ જ નહીં, પરંતુ વિશ્વના બે સૌથી શક્તિશાળી નેતાઓની અતિસુપર લક્ઝરી અને બુલેટપ્રૂફ લિમોઝિન કાર પણ ભારે આકર્ષણનું કેન્દ્ર બની છે.

બેઠકના એક દિવસ પહેલા જ 'કાર ડિપ્લોમસી'નો અદભુત નજારો જોવા મળ્યો હતો, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દ્વિપક્ષીય વાટાઘાટો બાદ પુતિનની ખાસ બુલેટપ્રૂફ કાર Aurus Senatમાં સાથે મુસાફરી કરી હતી. આ સિવાય ચીનના રાષ્ટ્રપતિ ઝી જિનપિંગ પણ તેમની ખાસ સુપર-સિક્યોર્ડ કાર Hongqi N701 સાથે દિલ્હીની રસ્તાઓ પર ઉતરવાના છે.

રશિયાના રાષ્ટ્રપતિ માટે ખાસ તૈયાર કરાયેલી આ લિમોઝિન કારને રશિયાની "રોલ્સ-રોયસ" તરીકે ઓળખવામાં આવે છે. આ કાર રશિયાની ઓરસ મોટર્સ દ્વારા બનાવવામાં આવી છે. પુતિને ૨૦૧૮માં મર્સિડીઝ બેન્ઝ કાર છોડીને રશિયામાં જ બનેલી આ કારનો ઉપયોગ શરૂ કર્યો હતો.

આ કારમાં ૪.૪ લીટર ટ્વિન-ટર્બો V8 એન્જિન (૫૯૮ હોર્સપાવર) છે, જેને ૯-સ્પીડ ઓટોમેટિક ગિયરબોક્સ સાથે જોડવામાં આવ્યું છે. કાર માત્ર ૬ સેકન્ડમાં ૦થી ૧૦૦ કિમી/કલાકની ઝડપ પકડી શકે છે અને તેની ટોપ સ્પીડ ૨૪૯ કિમી/કલાક છે.